## મુદ્દા નં. ૧૬
## પંચાયત હસ્તક ઝાડ કાપવાની મંજુરીની માંગણી અંગે

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **જોગવાઈ** | : | સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા – ૧૯૫૧ ની જોગવાઈ મુજબ | |
| ૨ | **અરજી કોને કરવી** | : | કલેકટરશ્રીને, પરિશિષ્ટ– ૧/૧૬ મુજબ | |
| ૩ | **નિકાલ માટેના સત્તાધિકારી** | : | કલેકટરશ્રી | |
| ૪ | **નિકાલ માટેની સમય મર્યાદા** | : | કલેકટરશ્રી | ૧૦ દિવસ |
| | | | મામલતદારશ્રી | ૭ દિવસ |
| | | | સર્કલ ઓફિસર/ ગ્રામ્ય કક્ષા | ૮ દિવસ |
| | | | કુલ... | ૨૫ દિવસ |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યામુજબનાં તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડ્વાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.**

<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>

૧. અરજદારનો રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૨/૧૬ મુજબ)
૨. સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૩/૧૬ મુજબ)
૩. ઝાડ કાપવા માટે પંચાયતની કારોબારી સભાનો ઠરાવ (પરિશિષ્ટ–૪/૧૬ મુજબ)
૪. તા. ૨૭–૫–૬૩ ના સરકારશ્રીના ઠરાવ મુજબ કબુલાતનામું. (પરિશિષ્ટ–૫/૧૬ મુજબ)
૫. પંચાયતની મિલ્કત વેસ્ટ થયાનો પુરાવો (હુકમની નકલ/ ગામ.ન.નં.૭ / ૧૨/ ગામ.ન.નં.૬ની પ્રમાણિત નકલ)
૬. જે જમીનમાં ઝાડ આવેલ હોય તેની ગામ.ન.નં.૭ / ૧૨ તથા ગામ.ન.નં.૬ની પ્રમાણિત નકલ

## પરિશિષ્ટ – ૧/૧૬

બાર–

## પંચાયત હસ્તકના ઝાડ કાપવાની મંજુરીની માંગણી અંગેની અરજી :

કોર્ટ ફી

અરજદાર સરપંચશ્રીનું નામ :......................
સરનામું :...............................................
ગ્રામ પંચાયત :......................................
તાલુકા :................................................
તારીખ :................................................

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી.

**વિષય :** ગ્રામ પંચાયત હસ્તકના ઝાડ કાપવાની મંજુરી આપવા બાબત
મોજે.................... તાલુકો................ સર્વે નંબર/ બ્લોક નંબર...........

સવિનય જણવવાનું કે, મોજે......................... ગ્રામ પંચાયત, તા................. હસ્તકના નીચે મુજબના ઝાડ કાપવા સૌરાષ્ટ્ વૃક્ષ છેદન ધારા– ૧૯૫૧ હેઠળ મંજુરી આપવા વિનંતી છે.

૧. વૃક્ષ જે જમીનમાં આવેલ છે તે જમીનનો સર્વે નંબર :–

ક્ષેત્રફળ :–

૨. વૃક્ષોની વિગતો

| અ.નં. | વૃક્ષનો પ્રકાર | સંખ્યા | વજન | ઘેરાવો | આશરે કિંમત | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૩. વૃક્ષોનો ઉછેર કોણે કરેલ છે ? :–

૪. વૃક્ષો કાપવાનું કારણ :–

| | | | |
|---|---|---|---|
| ૫. | વૃક્ષ ઉછેરમાં સરકારી નાણાંકીય સહાય પ્રાપ્ત થયેલ છે કે કેમ? તેની વિગતો દર્શાવવી. | : | |
| ૬. | વૃક્ષોમાંથી થનાર આવકનો શું ઉપયોગ કરવા આયોજન કરેલ છે ? | : | |
| ૭. | પંચાયતમાં કરેલ ઠરાવની નકલ આ સાથે સામેલ છે? | : | હા / ના |
| ૮. | તા. ર૭–૫–૬૩ ના સરકારશ્રીના ઠરાવ મુજબનું કબુલાતનામું સામેલ છે ? | : | હા / ના |
| ૯. | પંચાયતને મિલકત વેસ્ટ થયાનો પુરાવો સામેલ છે ? | : | હા / ના |

.............................................
સરપંચશ્રીની સહી/ નામ/ સિકકો

**:– એકરાર :–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો/ હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમો જાણી બુઝીને ખોટી હકીકત/ વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :

તારીખ :

.................................................
(સરપંચશ્રીની સહી/ નામ/ સિકકો)

# પરિશિષ્ટ – ૨/૧૬
# અરજદારનો રૂબરૂ જવાબ

અમો શ્રી........................................................................................................ સરપંચ ...................... ગ્રામપંચાયત, તા ................. આજરોજ તલાટીશ્રી................ તા ................ રૂબરૂ હાજર થઈ લખાવીએ છીએ કે, મોજે ............................ ગ્રામ પંચાયતની માલીકી ના સં.નં. .................................... માં નીચેની વિગતે વૃક્ષો આવેલા છે.

| અ.નં. | વૃક્ષનો પ્રકાર | સંખ્યા | વજન | ઘેરાવો | આશરે કિંમત | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમ – ૧૯૫૧ ની જોગવાઈઓ અનુસાર મંજુરી આપવા મે. જીલ્લા કલેકટરશ્રી, મંજુરી આપવા મે. જિલ્લા કલેકટરશ્રી, સમક્ષ તા................ ના રોજ અરજી કરેલ છે પ્રશ્નવાળી જમીનની માલિકી ....................................................... ગ્રામ પંચાયતની છે. તથા તેમાં આવેલ વૃક્ષોની માલિકી પણ ............................................... ગ્રામ પંચાયતની છે.
સદર વૃક્ષો અમો ......................... કામોમાં વાપરવા માંગીએ છીએ. આ અંગે પંચાયતે ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ ક્રમાંક ............... તા .................... થી ઠરાવ કરેલો છે.

સદર વૃક્ષો આશરે .............. વર્ષ જુના છે. તથા તેના લાકડાનું વજન આશરે ............ કિ.ગ્રા. જેટલું છે. સદર વૃક્ષોની આશરે કિંમત.......................... રૂપિયા જેટલી થાય છે. સદર વૃક્ષો કાપવાની સામે પંચાયત તેટલા નવા વૃક્ષો વાવવાની બાંહેધરી આપે છે. તથા સદર વૃક્ષોના વેચાણ અંગે જે કાંઈ શરતો હશે તેનું પાલન કરવા અમો બાંહેધરી આપીએ છીએ. તથા વૃક્ષોની હરાજીથી વેચાણ દ્વારા થનાર આવક/ ઉપજ અંગે ઠરાવેલી શરતોનું પાલન કરવા પણ અમો બાંહેધરી આપીએ છીએ.

ઉપર મુજબનો જવાબ અમારા લખાવ્યા મુજબ ખરો છે. જે બદલ અમો નીચે સહી કરીએ છીએ.

તારીખ :

........................................
સરપંચશ્રીની સહી / નામ/ સિકકો

મારી રૂબરૂ

...................................
તલાટી કમ મંત્રી
( સહી/ નામ/ સિકકો)

# પરિશિષ્ટ – ૩/૧૬

## પંચનામું

| નામ | ઉમર | સરનામું |
|---|---|---|

૧.

૨.

અમો ઉપર મુજબના પંચો આજરોજ મોજે : .................................. તા .................... ના સ.નં.................... વાળા સ્થળે બોલાવતા તલાટી શ્રી.......................................... રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે, મોજે......................... તાલુકો ..................... સ.નં. .............. વાળી જમીન .................................. ગ્રામ પંચાયતની માલિકીની છે. પશ્નવાળી જમીનની ચતુ:સીમાની વિગતો નીચે મુજબની છે.

ઉત્તરે : ..........................

દક્ષિણે : ........................

પૂર્વે : ..........................

પશ્ચિમે : ........................

જમીનમાં આવેલ વૃક્ષો અંગેની હકીકત નીચે મુજબની છે.

| અ.નં. | વૃક્ષનો પ્રકાર | સંખ્યા | વજન | ઘેરાવો | આશરે કિંમત |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

ઉપર મુજબની વિગત અમો પંચોના લખાવ્યા મુજબ સાચી અને ખરી છે. જે વાંચી સમજીને અમો પંચોએ નીચે સહી કરેલ છે.

સ્થળ :
તારીખ :

૧. .................................
૨. .................................

મારી રૂબરૂ

..........................................
તલાટી કમ મંત્રી
( સહી/ નામ/ સિકકો )

ઉપરોકત પંચનામામાં જણાવેલ વિગતોની મેં જાતે સ્થળ ઉપર ચકાસણી કરેલ છે. જે બરાબર માલુમ પડેલ છે.

.......................................
સર્કલ ઓફિસરની સહી/ ના

## <u>પરિશિષ્ટ – ૪/૧૬</u>
## <u>ઝાડ કાપવા માટે પંચાયતની કારોબારી સભાનો ઠરાવ</u>

ઠરાવ નંબર....................... તારીખ ....................

મોજે .....................તાલુકો.................... ની ગ્રામ પંચાયતની માલિકીના સર્વે/બ્લોક નંબર .......................... વાળી જમીનમાં આવેલ કુલ ................ વૃક્ષોની માલિકી ગ્રામપંચાયતની છે. સદર વૃક્ષો આશરે ............ વર્ષ જુના છે, જેનું વજન આશરે .............. કિ.ગ્રા. છે તથા આ વૃક્ષોની કિંમત આશરે રૂા. .............. છે. આ વૃક્ષો ............................. ના હેતુ માટે કાપવાની જરુરીયાત ઉભી થયેલ છે. જેથી તે ઝાડો કાપવા અંગે કલેકટરશ્રીની મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવા તથા જેટલા ઝાડો કાપવાના થાય છે તેટલી જ સંખ્યાના નવા વૃક્ષો ગ્રામપંચાયત દ્વારા વાવી તેનો ઉછેર કરવા સર્વાનુમતે આજની કારોબારી સભામાં ઠરાવ પસાર કરવામાં આવે છે.

અસલ ઠરાવ બુક ઉપરથી નકલ કરી પ્રમાણિત કરી.

..........................................................

તલાટી કમ મંત્રીશ્રીની સહી/ નામ/ સિકકો

## પરિશિષ્ટ – ૫/૧૬
## તા. ૨૭–૫–૬૩ ના સરકારશ્રીના ઠરાવ મુજબનું કબુલાતનામું

હું નીચે સહી કરનાર ........................................................................................ સરપંચ ..................... ગ્રામ પંચાયત....................... તાલુકો................જીલ્લો ગાંધીનગર, આ કબુલાતનામું ....................................... ગ્રામ પંચાયત વતી કરી આપું છું કે, અમારી ગ્રામ પંચાયતે પોતાના ઠરાવ અંકે ....................... તા .................... થી આ પંચાયતને સુપરત થયેલ લીલા ઝાડો પૈકી ......................... ના લીલા ઝાડ નંગ .................... કાપીને હરાજી કરવા મંજુરી આપવા ઠરાવ નંબર ........................ તા ........................ થી માંગણી કરી છે. અમારી ગ્રામ પંચાયતે ઠરાવ અંક ................... તા ..................... થી માંગણી પ્રમાણેના ઝાડો દુર થયા તારીખથી વર્ષ એકની મુદતમાં બીજા ઝાડો વાવી ઉછેરવાની બાંહેધરી, સરકારશ્રીના ગ્રામ વિકાસ ખાતાના ઠરાવ અંક વીપીએસ– ૧૮૬૧ – ઈ તા: ૨૯–૯–૬૧ અન્વયે આપી છે.

જો અમારી ગ્રામ પંચાયત પોતે આપેલ બાંહેધરી પ્રમાણે ઠરાવેલ મુદતમાં નવીન ઝાડો વાવી ઉછેરવામાં નિષ્ફળ જશે તો સરકાર પોતે અમારી બાંહેધરી પ્રમાણેના ઝાડો વાવી ઉછેરશે અને તે કામે થનાર તમામ ખર્ચ અમારી પંચાયતને મળતી સરકારી સહાયમાંથી વસુલ કરવામાં મુખત્યાર છે અને તે પ્રસંગે અમારી ગ્રામ પંચાયતની કોઈ તકરાર ચાલશે નહી. આ કબુલાત હાલની ગ્રામ પંચાયતને તેમજ તે પછી આવનાર ગ્રામ પંચાયતને બંધનકર્તા રહેશે.

ઉપર કબુલાત અમારી ગ્રામ પંચાયતે ઠરાવ અંકે ..................... તા ..................... થી મને આપેલ અધિકારની રૂએ મેં કરી આપી છે. અમારી ગ્રામ પંચાયતે કબુલાતમાંની શરતોને માન્ય કરી પંચાયત વતી કબુલાતનામું કરી આપવા અધિકાર આપતો કરેલ ઠરાવ અંકે ............ તા..................... ની નકલ આ સાથે સામેલ રાખી છે.

ઉપરની કબુલાત મે વાંચી વિચારી અને સમજીને અમારી ગ્રામ પંચાયતના વતી કરી આપી છે. તા........................ માહે........................ સને ..........................

સહી ............................
સરપંચ,
............ જુથ ગ્રામ પંચાયત
........................... તાલુકો

રૂબરૂ

...................................................................
તાલુકા વિકાસ અધિકારીશ્રીની સહી/ નામ/ સિકકો

## **ચેકલીસ્ટ–૧૬**(મુદ્દા નં ૧૬)

## **પંચાયત હસ્તકનાં ઝાડ કાપવાની મંજુરી બાબત**

(અરજદાર અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| **અ. નં.** | **વિગત** | **હા / ના/ લાગુ પડતું નથી** | **પાન નંબર** |
|---|---|---|---|
| ૧. | અરજી પત્રક (પરિશિષ્ટ–૧/૧૬) | | |
| ૨. | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩. | અરજદારનો રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૨/૧૬) | | |
| ૪. | સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૩/૧૬) | | |
| ૫. | પંચાયતનો ઠરાવ (પરિશિષ્ટ–૪/૧૬) | | |
| ૬. | કબુલાતનામું (પરિશિષ્ટ–૫/૧૬) | | |
| ૭. | પંચાયતને મિલ્કત વેસ્ટ થયાનો પુરાવો | | |
| ૮. | સબંધિત ગામ.ન.નં.૭ / ૧૨ તથા ગામ.ન.નં. ૬ની પ્રમાણિત નકલ | | |
| ૯. | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે. | | |

સ્થળ :–

તારીખ :–

.........................................

અરજદારની સહી/ નામ

**ખાસનોંધ : ચેકલીસ્ટના કોલમ નં ૩ મા "હા/ના અથવા લાગુ પડતુ નથી" તેમ સ્પસ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાના નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યુ

.........................................

જન સેવા કેન્દ્ર ફરજ પરના

કર્મચારીની સહી/નામ/સિકકો/તારીખ